સીવીયર એક્યુટ રેસ્પીરેટરી ટ્રેક ઇન્ફેકશન (SARI) ના કેસોના રીપોર્ટીંગ સેમ્પલ કલેક્શન તેમજ એક્ટીવ સર્વેલન્સ બાબત.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
સચિવાલય ગાંધીનગર.
તા.૨૩/03/૨૦૨૦

જાહેરનામા ક્રમાંક:-૧૪/એનસીવી/૧૦૨૦૨૦/એસ.એફ.એસ.૧/ગ:

કોરોના વાયરસ COVID-19 ની અસરોને પહોંચી વળવા તેમજ રોગ અટકાયત અને નિયંત્રણની કામગીરી કાયદાકીય રીતે ત્વરિત હાથ ધરી શકાય તે હેતુસર એપેડેમિક ડીસીઝ એક્ટ ૧૮૯૭ અન્વયે આ વિભાગના ક્રમાંક એનસીવી-૧૦૨૦૨૦-એસ.એફ.એસ.૧ તા.૧૩/03/૨૦૨૦ ના જાહેરનામાથી રાજ્યમાં "ધ ગુજરાત એપેડેમિક રેગ્યુલેશન, ૨૦૨૦" લાગુ કરવામાં આવેલ છે.

જાહેરનામા ક્રમાંક:-૧૦/એનસીવી/૧૦૨૦૨૦/એસ.એફ.એસ.૧/ગ, તા.૨૧/03/૨૦૨૦ થી રાજ્યની તમામ ખાનગી હોસ્પિટલ/દવાખાના, કોર્પોરેટ હોસ્પિટલો, ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલો, ખાનગી મેડીકલ પ્રેક્ટીસ કરતાં તમામ મેડીકલ પ્રેક્ટીશનર્સ, હોમિયોપેથિક, આયુર્વેદીક દવાખાના/હોસ્પિટલોમાં તેમજ ખાનગી લેબોરેટરીમાં કોરોના લક્ષણો ધરાવતો કોઇ પણ શંકાસ્પદ દર્દી જણાય તો રાજ્ય સરકારમાં જિલ્લા કક્ષાએ જિલ્લા કલેકટરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં જે તે મ્યુનિસિપલ કમિશનરશ્રીને અથવા તેઓના દ્વારા અધિકૃત કરેલ વ્યક્તિ કે કચેરીને તેની તુર્તજ જાણ કરવાની રહેશે તેવી સૂચનાઓ આપવામાં આવેલ.

હાલમાં પ્રવર્તમાન COVID-19 રોગચાળા અન્વયે શંકાસ્પદ દર્દીઓને વહેલી તકે શોધી શકાય તેમજ તેમનું નિદાન અને સારવાર તાત્કાલિક કરી શકાય તે માટે ઉક્ત તમામ આરોગ્ય સંસ્થાનોમાં રીપોર્ટ થતા સીવીયર એક્યુટ રેસ્પીરેટરી ટ્રેક ઇન્ફેકશન (SARI) ના કેસોના રીપોર્ટીંગ સેમ્પલ કલેક્શન તેમજ એક્ટીવ સર્વેલન્સ બાબત નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવાની રહે છે.

- SARI ના કેસનું તાત્કાલિક જિલ્લા/કોર્પોરેશનના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી કે આરોગ્ય અધિકારી મહાનગરપાલિકાને તાત્કાલિક જાણ કરવી. સાથે સાથે આ દર્દીની છેલ્લા ૧૪ દિવસની ટ્રાવેલ હિસ્ટ્રી લઈ તેની ટ્રાવેલની વિગતો નોંધવાની રહેશે. વધુમાં આ દર્દીના કોન્ટેક્ટની વિગતો જેવી કે સરનામું, ફોન નં વગેરે પણ મેળવી જાણ કરવાની રહેશે.
- જે તે જિલ્લા/કોર્પોરેશનના નોડલ અધિકારી આ દર્દીનું COVID-19 માટે તપાસ કરવી કે કેમ? તે નક્કી કરી સેમ્પલ લેવા માટે જાણ કરશે.
- નોડલ અધિકારી દર્દીની સારવાર કરનાર ડોક્ટર સાથે ચર્ચા કરી આ દર્દીને આઈસોલેશન વોર્ડમાં દાખલ કરવાનો નિર્ણય લેશે અને સાથે સાથે જિલ્લા કક્ષાએ જિલ્લા કલેકટરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં જે તે મ્યુનિસિપલ કમિશનરશ્રીને અથવા તેઓના દ્વારા અધિકૃત કરેલ વ્યક્તિ કે કચેરીને તેની તુર્તજ જાણ કરી ક્વોરોન્ટાઈન કરવા તેમજ ક્લસ્ટર મેનેજમેન્ટ માટે ગાઈડલાઈન પ્રમાણેની કાર્યવાહી કરવાની રહેશે. તદઉપરાંત દરેક જિલ્લાનાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અને મુખ્ય જિલ્લા તબીબી અધિકારી અને સિવિલ હોસ્પિટલનાં સુપ્રિન્ટેન્ડેન્ટને પણ આ કાર્યવાહી માટે અધિકૃત કરવામાં આવે છે.
- જિલ્લા/કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા આ દર્દીના કોન્ટેક્ટની યાદી બનાવી તેનું ફોલોઅપ કરવામાં આવશે તેમજ આ તમામ કોન્ટેક્ટને ગાઈડલાઈન મુજબ ક્વોરોન્ટાઈન કરવામાં આવશે.
- જે વિસ્તારમાં પોઝીટીવ કેસ હોય ત્યાં રોગ વધુ ફેલાય નહિ તે માટે તેમજ આ પ્રકારના બીજા શંકાસ્પદ કેસ શોધી શકાય તે માટે તે વિસ્તારમાં ક્લસ્ટર મેનેજમેન્ટ કરવાનું રહેશે જે કલેકટરશ્રી/મ્યુનિસિપલ કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ કરવાનું રહેશે.

COVID-19ના દર્દીની સારવાર ભારત સરકારશ્રી અને રાજ્ય સરકારશ્રીની વખતો વખતની ગાઈડલાઈન અનુસાર કરવાની રહેશે. આ પરિપત્રના ભંગ બદલ સંબંધિતોની સામે "ધ ગુજરાત એપેડેમિક રેગ્યુલેશન, ૨૦૨૦" અન્વયે કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઇ.એમ.કુરેશી)
સંયુક્ત સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન, મુખ્ય મંત્રીશ્રીનાઅગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન, નાયબ મુખ્ય મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન,રા.ક. મંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, (આરોગ્ય),કમિશ્નરશ્રી આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ અધિક નિયામકશ્રી, કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, આ બાબતની રાજ્યમાં બહોળી પ્રસિધ્ધિ અર્થે.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સર્વે સંયુક્ત સચિવશ્રી/ નાયબ સચિવશ્રી/ ઉપસચિવશ્રી
- જિલ્લા કલેક્ટરશ્રીઓ (તમામ)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી (તમામ)
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી તથા મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી (તમામ)
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સર્વે શાખાઓ